નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

તા.૨૭/૧૧/૨૦૨૩ થી ૦૩/૧૨/૨૦૨૩

| કચેરી/ શાખા / | કરેલ સારી કામગીરી |
| --- | --- |

પોલીસ અધિક્ષકશ્રી, સુશીલ અગ્રવાલનાઓ દ્વારા જીલ્લાની ક્રાઇમ કોન્ફરન્સ દરમ્યાન જીલ્લામાં બનેલ ગુન્હાઓ શોધવાની સારી કામગીરી કરનાર પોલીસ કર્મચારીઓને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવેલ.





મરોલી પોલીસ સ્ટેશન દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અને જાયન્ટસ ગૃપ ઓફ મરોલી વિભાગ શુશ્રૃષા બ્લડ બેન્ક નવસારી દ્વારા આયોજીત બ્લડ ડોનેશન કેમ્પ તા.૨૯/૧૧/૨૦૨૩ના રોજ મોરોલી પો.સ્ટે. ખાતે રાખવામાં આવેલ.










" વિજલપોર  પોલીસ સ્ટેશનની વાર્ષિક તપાસણી દરમ્યાન  પોલીસ અધિક્ષકશ્રી, સુશિલ અગ્રવાલનાઓ દ્વારા વિજલપોર પોલીસ કર્મચારીઓની પરેડ નિરીક્ષણ કરવામાં આવેલ અને પોલીસ કર્મચારીઓની કામગીરી અને પ્રશ્નો બાબતે સંવાદ કરવામાં આવેલ









" વિજલપોર પોલીસ સ્ટેશનની વાર્ષિક તપાસણી દરમ્યાન  પોલીસ અધિક્ષકશ્રી, સુશિલ અગ્રવાલનાઓની અધ્યક્ષતામાં "ત્રણ વાત તમારી , ત્રણ વાત અમારી " હેતુસર નાગરિકો સાથે જાહેર હેતુલક્ષી પ્રશ્નોની ચર્ચા  નિરાકરણ– લોકજાગૃતિ-લોકસવાંદ કરવામાં આવેલ."











તા.૨૬/૧૧/૨૩ ના રોજ નવસારી જીલ્લા ટ્રાફિક ભવન લોક તથા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનનુ લોકાર્પણ માન. સાંસદશ્રી સી.આર.પાટીલનાઓના અધ્યક્ષ સ્થાને તેમજ પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત વિભાગ, સુરતનાઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ.






નવસારી બીલીમોરા પોલીસ સ્ટેશનમાં સાત માસ અગાઉના ચર્ચાસ્પદ મિસીંગ કેસનો ભેદ ઉકેલી ગુમ થયેલ વ્યકતિનું મર્ડર થયેલ હોય જે વણશોધાયેલ મર્ડરના ગુન્હાનો ભેદ ઉકેલી ૬ આરોપીને પકડી પાડતી  નવસારી એલ.સી.બી. પોલીસ ટીમ.પકડાયેલ આરોપી

(૧) હર્ષ ઉર્ફે સિકંદર લક્ષ્મણભાઇ ટંડેલ  (૨) મનિષ ઉર્ફે ગુડુ રંગનાથ પાઠક

(૩) સતિષભાઇ વિનોદભાઇ પટેલ રહે.  (૪) ગીરીશ રંગનાથ પાઠક

(૫) મિગ્નેશ કિશોરભાઇ પટેલ (૬) વિશાલ અશોકભાઇ હળપતી તમામ રહે. અમલસાડ

તા. ગણદેવી. જી. નવસારી





મરોલી પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી/કર્મચારીઓ મિલ્કત સબંધી ગુના શોધી કાઢવા પેટ્રોલીંગમાં હતા તે રદમ્યાન ખાનગી બાતમી આધારે ઘરફોડ ચોરીના ગુનામાં સોના-ચાંદીના દાગીના કિમંત રૂપિયા ૧,૧૭,૧૦૦/- ના મુદામાલ સાથે એક ઇસમને પકડી પાડતી મરોલી પોલીસ ટીમ પકડાયેલ આરોપી-: વિશાલ દિપકભાઇ રાઠોડ, રહે. કાળાકાછાગામ મંદિર ફળીયા, તા.જલાલપોર જી.નવસારી



છેલ્લા એક મહિનાથી નવસારી જિલ્લામાં પીક પોઇન્ટ ઉપર તથા રસ્તે જતા એકલ – દોકલ પુરૂષ/મહિલાઓને રોકી ચાકુ બતાવી લુંટ/ચીલઝડપ કરતા ૦૪ ઇસમોને લુંટના મુદામાલ સાથે પકડી પાડી લુંટના ૦૩ ગુન્હા તથા ચીલઝડપનો ૦૧ વણોશધાયેલ ગુનાનો ભેદ ઉકેલી કાઢતી નવસારી લોકલ ક્રાઇમ બ્રાન્ચ. પકડાયેલ આરોપી-: રવિ પ્રકાશભાઇ ગોરવા રહે. સેવન હાઇટસ કરવાડા રોડ ડીંડોલી સુરત. (૨) સોહલી ઉર્ફે સલ્લુ રજ્જાક શા (ફકરી) રહે. ટેકનીકલ હાઇસ્કુલ સામે નવસારી. (૩) સલમાન ઉર્ફે સલ્લુ રસીદ બનેખા પઠાણ રહે. તીઘરા નવી વસાહત નવસારી (૪) મુજાહીદ મુજમીલ મન્સુરખાન રહે. તીઘરા નવી વસાહત નવસારી.





નવસારી રૂરલ ,જલાલપોર, વિજલપોર તેમજ મરોલી પો.સ્ટે.પ્રોહીબિશનના ગુનાઓમાં પકડાયેલ નાની મોટી બાટલીઓ તથા ટીન બિયર કુલ નંગ ૪૨૧૨૭ જેની કુલ કિં.રૂ. ૫૧,૪૭,૯૬૦ પ્રોહીબિશનના મુદામાલનો નાશ કરવામાં આવેલ.








